# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 24-01-2025 Day: Friday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## મુન્દ્રા કસ્ટમ્સ:

મુન્દ્રા કસ્ટમ્સે 150 કરોડ રૂપિયાના સાયકોટ્રોપિક પદાર્થોનો ભચાઉ સ્થિત ઇન્સિનેરેટર ખાતે ગઇકાલે નાશ કર્યો હતો. કસ્ટમ્સે NDPS એક્ટ હેઠળ આવતા સાયકોટ્રોપિક પદાર્થ ટ્રામાડોલની 94 લાખ ગોળીઓનો નાશ કર્યો છે. આ ગોળીઓને 2024માં આફ્રિકા જતા નિકાસ કન્સાઇન્મેન્ટમાંથી જપ્ત કરવામાં આવી હતી.

NDPS એક્ટ-2018 હેઠળ ટ્રામાડોલને સાયકોએક્ટિવ ડ્રગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું ત્યારથી આ સૌથી મોટી જપ્તી માનવામાં આવે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ દ્વારા 10 થી 25 જાન્યુઆરી 2025 દરમિયાન યોજાનારી અખિલ ભારતીય ડ્રગ નિકાલ ઝુંબેશના ભાગરૂપે તેનો નાશ કરાયો હતો.

--------------------------------------------------------------------------------------------------------

## ભુજ રીજીઓનલ સાયન્સ સેન્ટર-ખગોળીય ઘટના:

રાજ્યમાં આજે અને આવતીકાલે રાત્રે સાતથી દસનાં સમયગાળા દરમ્યાન એક દુલર્ભ ખગોળીય ઘટના જોવા મળશે. સૂર્યની આસપાસ ફરતા આઠ ગ્રહોમાંથી પાંચ ગ્રહો એક જ ક્ષેત્રમાં સંરેખિત થશે. એટલે કે ગ્રહોની પરેડ જોવા મળશે.

આ ઘટના ને નિહાળવા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રિજીયોનલ સાયન્સ સેન્ટર ભુજ તેમજ રાજ્યભરનાં કોમ્યુનિટી સાયન્સ સેન્ટરોના સહયોગથી જાહેર અવલોકન કાર્યક્રમોની શ્રૃંખલાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો જાહેર જનતા લાભ લઈ શકે છે.

--------------------------------------------------------------------------------------------------------

## ભુજ-એક શામ શહીદો કે નામ:

2001ના ભૂકંપમાં જીવ ગુમાવનારા દિવંગતો અને દેશ માટે બલિદાન આપનાર શહિદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટેનો "એક શામ શહીદો કે નામ " કાર્યક્રમ ભુજન સ્મૃતિવન ખાતે સાંજે 5 વાગ્યે યોજાશે. સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

---

## અંજાર-એપીએમસી મગફળી ખરીદી:

અંજારની એ.પી.એમ.સી.માં કાર્યરત સરકારી ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્રમાં ૮૩૯ ખેડૂત પાસેથી ૧૯ કરોડ ૨૫ લાખની મગફળીની ખરીદી થઈ હતી.

એક મહિના સુધી કાર્યરત આ કેન્દ્રમાં જિલ્લામાં સૌથી વધુ મગફળીની ખરીદી થઈ હતી. ખરીદી એજન્સીએ જણાવ્યું હતું કે , અંજાર તાલુકાના જુદા-જુદા વિસ્તારમાંથી આવતા ૮૩૯ ખેડૂતની ૭૦ હજાર ૯૪૦ મણની મગફળીની ખરીદી કરવામાં આવી હતી. ખેડૂતોને અંદાજિત ચાર કરોડ જેવો સીધો ફાયદો થયો હતો.

---

## કચ્છ-જાહેર ટ્રસ્ટોની નોંધણી પ્રક્રિયા:

તાજેતરમાં ભુજ ખાતેની જાહેર નોંધણી કચેરી દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશમાં વધુ નવા 36 ટ્રસ્ટને બહાલી આપવામાં આવી હતી. આમ, કચ્છમાં જાહેર ટ્રસ્ટોની નોંધણીનો આંકડો 10 હજાર ને પાર કરી ગયો છે . ભુજ ખાતેની મદદનીશ ચેરિટી કમિશનર કચેરી તરફથી ત્રણ દિવસ માટે ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

કચ્છમાં ચાલતા 10 હજાર થી વધારે ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટીઓની નોંધણી કે મુક્તિ વગેરેના ફેરફાર માટે કરવામાં આવેલી અરજીઓનો નિકાલ કરી 128 કિસ્સામાં હકારાત્મક અભિગમ અપનાવી ન્યાયની રાહે નિકાલ કરવામાં આવ્યો હતો.

---

## કચ્છ-તલાટી બદલી:

કચ્છ જીલ્લા માં 900 જેટલા ગામમાં 536નું મહેકમ ધરાવતા તલાટીઓના બદલીના હુકમો બહાર પડાયા હતા.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરેશ ચૌધરી દ્વારા જિલ્લા પંચાયતની તાબા હેઠળ આવતી વિવિધ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા 95 તલાટીની જાહેર હિતમાં વહીવટી કારણોસર બદલીના હુકમો કરાયા હતા , જે અંતર્ગત અબડાસા તાલુકામાં 15, અંજાર 8, નખત્રાણા 7, ભચાઉ 10, ભુજ 19, માંડવી 10, મુંદરા 6, રાપર 15 અને લખપતના પાંચ તલાટીની બદલી કરાઈ છે.

---

## ઠારમાં વધારો:

કચ્છમાં છેલ્લા બે દિવસથી ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે, ઉત્તરાદા પવનની ઝડપ વધતાં ઠારમાં વધારો થયો છે. અબડાસા અને પશ્ચિમ કચ્છના છેવાડાના વિસ્તારો અને રણમાં ઠંડીની અસર વધુ વ્યાપક બની છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન તાપમાનનો પારો ૨ ડીગ્રી ઘટતાં ઠંડીથી લોકો ઠુંઠવાયા હતા.

આજે રાજ્યના સૌથી શીત મથક નલિયાનું લઘુત્તમ તાપમાન ૭.૨ ડીગ્રી નોંધાયું હતું તો, જીલ્લા મથક ભુજનું ૧૨.૬ અને કંડલા બંદરનું ૧૪.૨ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર યથાવત રહેવાની આગાહી કરી છે.

---

## ભુજ-એક શામ બેટીઓકે નામ:

બેટી બચાવો બેટી પઢાઓ અભિયાનને 10 વર્ષ પૂર્ણ થવાના અવસરે ભુજ ખાતે એક શામ બેટીઓ કે નામ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ડાન્સ વિથ ડોટર અને પ્રાઈડ વોક વિથ ડોટર એ આકર્ષણ જગાવ્યું હતું. ભુજના ચિલ્ડ્રન હોમની દિકરીઓ સાથે સાંસદ વિનોદ ચાવડાએ પ્રાઇડ વોક કરી બેટી બચાવો બેટી પઢાવો સંદેશો આપ્યો હતો.

ભાગ લેનાર તમામ દિકરીઓને મહિલા અને બાળ અધિકારી દ્વારા પ્રમાણપત્ર અને સ્કૂલબેગ આપી સન્માનિત કરાઇ હતી. કાર્યક્રમમાં સૌએ બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંગેના શપથ લીધા હતા.

---

## ભચાઉ નાણાકીય સાક્ષરતા કેમ્પ:

ભારતીય રિઝર્વ બેન્ક નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ અમદાવાદ દ્વારા ગો ટુ સ્કૂલ  કાર્યક્રમ અંતર્ગત ભચાઉ ની સરકારી પ્રાથમિક શાળા નં. ૪ માં નાણાકીય સાક્ષરતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આરબીઆઇના એજીએમશ્રી નિતીન કુમારે ઉપસ્થિત રહી બાળકોને આરબીઆઇ વિશે માહિતી આપવા સાથે બચતના મહત્વ વિશે સમજાવ્યું હતું. આ સાથે બેંકના વ્યવહાર તેમજ વિવિધ સરકારી યોજનાઓ , PMJJBY, PMSBY, APY અને ઓનલાઇન ફ્રોડ કેવી રીતે થાય છે અને તે માટે શું તકેદારી રાખવી તે બાબતે બાળકોને માહીતીગાર કરાયા હતા.

---